# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
## માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email pro@ayurveduniversity.com


અખબારી યાદી નં. 07

આયુર્વેદ એ પ્રાચીન ભારતના તબીબી વિજ્ઞાનની દૂરંદેશીતાનું એક ઉત્તમ ઉદાહરણ છે. આયુર્વેદમાં જે પ્રકારની સારવાર તથા નિદાનની વાત કરવામાં આવે છે, તે શરીરના રોગોને મૂળથી દૂર કરવા માટે હોય છે. ઘણાં અસાધ્ય રોગોમાં આધુનિક ચિકિત્સા કરતાં આયુર્વેદિક સારવાર વધુ કારગત નીવડે છે.

દાંતની જ વાત કરીએ, તો દાંત એ શરીરનું અવિભાજ્ય અંગ છે. તેની સંભાળ રાખવી પણ અત્યંત જરૂરી છે. પરંતુ, જ્યારે આ દાંતમાં કોઈ પ્રકારનો રોગ ઘર કરી જાય, ત્યારે તેને કાઢવો એ મુશ્કેલી ભર્યું કામ છે. હાલની ડેન્ટલ ટ્રીટમેન્ટમાં દાંત કાઢવા માટે થોડા પ્રમાણમાં એનેસ્થેસિયા આપીને દર્દીના જડબાનો ભાગ બહેરો કરવામાં આવે છે, અને તે પછી જે તે દાંત અથવા દાઢને કાઢવામાં આવે છે. આ પ્રક્રિયા ઘણી લાંબી અને પીડાદાયક હોય છે. ઉપરાંત, તેમાં એનેસ્થેસિયાનું જોખમ પણ રહેલું છે. હૃદય રોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર જેવા રોગોના દર્દીઓને, કે જેમને એનેસ્થિસિયા આપવો હિતાવહ નથી હોતો, તેમના માટે ઘણીવાર દાંતના દુખાવાને સહન કરવો જ એકમાત્ર વિકલ્પ રહી જાય છે.

આયુર્વેદમાં આવી પરિસ્થિતિમાં પણ દર્દીને વધુ દુખાવો ના થાય, તે રીતે દાંતને કાઢવાનો ઉપાય છે. જાલંધર બંધ નામની પ્રાચીન આયુર્વેદિક પદ્ધતિથી હલતા તથા સડી ગયેલા દાંતને એનેસ્થેસિયા વગર કાઢવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિમાં ગરદનની યોગ્ય મુવમેન્ટ દ્વારા સુષુમણા નાડીના ચેતાતંત્રને બહેરું કરીને સાવ ઓછા સમયમાં, કોઇ પણ જાતના દુખાવા વિના સડી ગયેલા કે હલતાં દાંતને કાઢી શકાય છે.

આ જાલંધર બંધ નામની પદ્ધતિ પ્રમાણમાં ઓછી પ્રચલિત છે. આ પદ્ધતિને વધુ જનભોગ્ય બનાવવાના ઉદ્દેશ્યથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના શાલાક્ય વિભાગ દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'જાલંધર બંધ આધારિત દંતોટપાતન વિધિથી ડેન્ટલ એક્સ્ટ્રેક્શન કેમ્પ અને 'હેન્ડ ઑન ટ્રેનિંગ'નું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિના તમામ નવ દિવસ સુધી ચાલનારા આ કેમ્પમાં 17 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ ઉપરાંત, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની 32 કોલેજના ફેકલ્ટી મેમ્બર્સે પણ આ ટ્રેનિંગ કેમ્પમાં જોડાઇને જાલંધર બંધની આ પદ્ધતિથી દાંતના રોગોની સારવાર થઈ શકે તે માટે પ્રયત્નો કર્યા છે. આ પદ્ધતિનો લાભ વધુમાં વધુ લોકો લઈ શકે અને આ પદ્ધતિનો પ્રચાર-પ્રસાર થાય તે હેતુ માટે આ ટ્રેનિંગ કેમ્પનું આયોજન ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે.

મૂળે ભારતીય યોગશાસ્ત્રમાં ત્રણ પ્રકારના બંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મૂળબંધ, ઉડિયાન બંધ તથઆ જાલંધર બંધ. યોગશાસ્ત્ર પ્રમાણે રક્તાભિષણ અર્થાત્ બ્લડ સર્ક્યુલેશન ઉપર કરવાની પ્રક્રિયાને બંધ કહે છે. જાલંધર બંધમાં ગળાની ઉપરના અવયવોમાં લોહીનો પ્રવાહ કન્ટ્રોલ કરવામાં આવે છે. આયુર્વેદ અનુસાર શરીરમાં વાયુનો પ્રભઆવ અટકાવીએ તો પીડાને અટકાવી શકાય છે. આ પદ્ધતિમાં 4-5 સેકન્ડ માટે ગળાથી ઉપરના ભાગમાં વાયુની ગતિ અટકાવીને તરત જ દાંત પાડી દેવામાં આવે છે. જેનાથી લોહી ખૂબ ઓછું વહે છે, તથા દુખાવામાં પણ રાહત રહે છે.

પોરબંદર સ્થિત સાંદિપની આશ્રમ ખાતે આ પ્રકારનો ડેન્ટલ કેમ્પ વર્ષોથી આયોજિત કરવામાં આવે છે. આ સંસ્થાના સહયોગથી આ અદ્વિતિય પ્રાચીન ટેક્નિકને હાલના સમયમાં પ્રેક્ટિસમાં મૂકીને એનેસ્થેસિયા તથા દુ:ખાવા વગર સડેલા અને હલતાં દાંતની સારવાર કરવામાં આવે તથા આ પદ્ધતિ પ્રચલિત બને તે માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મુકુલ પટેલના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકો માટે પણ આ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દંત વૈદ્ય સરોજબેન જોશી, વૈદ્ય હારિન્દ્ર દવે તથા વૈદ્ય શ્રેણિક નાહતાએ આ કેમ્પમાં પ્રશિક્ષણ આપ્યું છે.

નં.આયુ/યુનિ/માહિતી/૨૦૨૪-૨૫/ 1105, ઈ-મેઈલ તા.૦૪-૧૦-૨૦૨૪

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારી યાદીને વિના મુલ્યે પ્રકાશિત કરવા વિનંતી છે.

આભાર સહ,

આપની વિશ્વાસુ

04/10/24

(પી.પી.મહેતા)

ઓ.એસ.ડી.

1. સર્વે પ્રેસ પ્રતિનિધિઓ તરફ ........ ઈ મેઈલ દ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલ બંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે )
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ ....... ઈ-મેઈલ દ્વારા(આપના વિભાગના નોટીસ બોર્ડમાં મુકવાની વિનંતી સાથે)
4. ઓ.એસ.ડી.શ્રી, કુલપતિશ્રી કાર્યાલય (યુનિ. વેબસાઈટ ઉપર પ્રસારિત કરવાની સુચના સાથે)